અરવલ્લીમાં કોંગ્રેસ દ્વારા હલ્લાબોલ

સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પાછી ઠેલવવાના વિરોધમાં કોંગ્રેસ દ્વારા ધરણા પ્રદર્શન યોજી આવેદનપત્ર આપવામાં આવ્યું

મોડાસા, તા.૬

સમગ્ર ગુજરાત રાજયમાં હાલ પાટીદારો અનામત આંદોલનને લઈને સરકાર વિરૂધ્ધ રણશિંગુ ફુકી દીધુ છે અને જયાં જયાં સરકારી કાર્યક્રમો યોજાય છે ત્યાં ત્યાં પાટીદારો ધ્વારા સરકારનોવિરોધ કરવામાંઆવી રહયો છે. ત્યારે નજીકના જ સમયમાં સ્થાનીક સ્વરાજયની ચુંટણીઓ યોજાવાની હોય સરકારે ચુંટણીમાં પોતાને નુકશાન વેઠવુ પડશે તેવી ભિતીએ સરકારે ચુટણીઓ ૩ મહિના પાછી ઠેલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેનો કોંગ્રેસ ધ્વારા આજે ગુજરાત ૩૩ જીલ્લાઓમાં એક સાથે ધરણા યોજવાનો કાર્યક્રમ યોજીને ચુટણીઓ સમયમર્યાદામાં યોજવા માટે સરકાર પર દબાણ બનાવાનો પ્રયાસ કર્યોહતો.

રાજય સરકાર ધ્વારા ચુટણીઓ પાછી ઠેલવવાના નિર્ણયનો આજે અરવલ્લી જીલ્લામાં જીલ્લા કોંગ્રેસ ધ્વારા અરવલ્લી જીલ્લા કલકેટર કચેરી ખાતે ધરણા યોજીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યોહતો. ત્યારબાદ કલેકટરને આવેદનપત્ર આપવા જતી વખતે પોલીસ ધ્વારા કાર્યકરોને રોકવાનો પ્રયાસ કરવામાં આવતાં એક સમય માટે પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ચકમક ઝરી હતી અને ઘર્ષણ ઉભુ થયુ હતુ. જયારે આવેદનપત્ર આપવા જતી વખતે કલેકટરની કેબીનમાં ઘુસ મારવા જતી વખતે કલેકટરની કેબીનના દરવાજાનો કાચ તુટી ગયો હતો. ત્યારબાદ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ અને ચુટણીઓ સમયસર યોજવામાં આવે તે બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ અને ભાજપ સરકાર તાકીદે રાજીનામુ આપે અને રાજયમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. જયારે કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા અને રાજેન્દ્રસિંહ ઠાકોર ધ્વારા કોંગ્રેસના કાર્યકરો એ ધક્કામુકીમાં કલેકટર ઓફીસનો દરવાજાનો કાચ તુટી ગયો તે માટે માફી માંગી હતી.

ખેમાણા ટોલ પ્લાઝા પાસે ટ્રકમાંથી ૧૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

પોલીસે ટ્રકચાલકની અટકાયત કરી ૨૬.૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

પાલનપુર, તા. ૬

બનાસકાંઠાના રાજમાર્ગો પર રાત્રીના સમયે પર પ્રંતીય દારૂની મોટા પાયે હેરાફેરી થઈ રહી છે. જેમાં રાજસ્થાન હરિયાણા જેવા રાજ્યોમાંથી વાહનો મારફતે ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે ત્યારે આ વિદેશી દારૂના કારોબારને ડામવા માટે બનાસકાંઠા પોલીસવડાની સૂચનાથી એલસીબીની ટીમ દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે. જેમાં ગતરોજ એલસીબી ટીમે ખેમાણા ટોલપ્લાઝા નજીકથી વિદેશી દારૂ ભરેલી આયશર ઝડપી પાડી હતી અને રાજસ્થાની શખ્સની અટકાયત કરી હતી.

પાલનપુર એલ.સી.બી. પોલીસના ઈ.પી.આઈ. કે.જે. પટેલ તેમની ટીમના ગણપતલાલ, રઘુવીરસિંહ, નરપતસિંહ, બળવંતસિંહ, ભગવાનસિંહ,

દશરથભાઈ, રાજુભાઈ અને વિનોદભાઈ સાથે રાત્રીના સમયે પાલનપુર તાલુકાના ખેમાણા ટોલનાકા નજીક નાકાબંધી કરી વાહન ચેકીંગ કરી રહ્યા હતા. દરમ્યાન રાજસ્થાન તરફથી આવતી એચ.આર. ૫૫-કે-૪૫૩૮ નંબરની આયશર ટ્રકને અટકાવી તેની તલાસી લીધી હતી. જેમાંથી વિવિધ બ્રાન્ડની રૂ. ૧૬,૬૩,૨૦૦ની કિંમતની ૩૯૨ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને ટ્રક મળી કુલ રૂ. ૨૬,૬૪,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે આ ઘટનામાં ટ્રકચાલક રમઝાનખાન રતમલખાન મુસલમાન (રહે. અલવર ગામ પડાસરા)ની અટકાયત કરી હતી અને આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ઊંઝાના ઉપેરા ગામે ઓ.બી.સી. સમાજનું સંમેલન યોજાયું

ઊંઝા, તા. ૬

ઊંઝા તાલુકાના ઉપેરા ગામે વ્યસનમુક્તિ, શિક્ષણ સમાજ સંગઠન મજબૂત બનાવવા તેમજ અત્યાચાર, કુરીવાજો, દુરાચાર, ભ્રષ્ટાચાર સામે લડત અને સમાજને ન્યાય મળે તે સારૂ મુખ્યત્વે ઓ.બી.સી. સમાજ પૈકીની કેટલીક જ્ઞાતિઓનું સંમેલન યોજાયું હતું. જેમાં ઠાકોર સમાજ સહિત અન્ય ઓ.બી.સી.માં સમાવિષ્ટ જ્ઞાતિઓના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપેરામાં કાયદેસરની મંજુરી વગર સભા ભાષણો કરવા અંગે ઉનાવા પોલીસ મથકે ઠાકોર શૈલેજજી મંગાજી સહિત ચાર થી પાંચ હજાર માણસોના ટોળા વિરૂદ્ધ જિલ્લા મેજી.ના જાહેરનામા ભંગ બદલ ફરિયાદ નોંધાયેલ છે.

મોડાસા ડી.એલ.એડ. કોલેજમાં ગાંધી જયંતિ ઉજવાઈ

શ્રી મ.લા.માંથી ઉચ્ચત્તર કેળવણી મંડળ મોડાસા સંચાલીત એમ.કે. શાહ લાટીવાળા ડૉ. એલ.એડ. કોલેજ મોડાસાના પ્રાર્થના સંમેલનમાં ગાંધી જયંતિ ઉજવવામાં આવી હતી. પ્રાર્થના સંમેલનમાં પ્રાર્થના, ધૂન, બાળગીત, અભિનયગીત, બાળવાર્તા, પ્રેરક પ્રસંગ, ભજન બધીજ કૃતિ ગાંધીજીને લઈને રજુ કરવામાં આવી હતી. ડૉ. સંતોષ દેવકરે વિદ્યાર્થીઓમાં ઉંચા સંસ્કારોનું ઘડતર થાય અને ગાંધીજીના પુસ્તકોનું વાંચન થાય તે બાબત પર ભાર મુક્યો હતો. ગાંધી જયંતિ નિમિત્તે, કોલેજમાં ગાંધીજીના પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ પુસ્તકોનું વાંચન કર્યું હતું. ગાંધીજીનો આત્મકથા વાંચવાનો પ્રતિજ્ઞા તાલીમાર્થીઓએ લીધી હતી. આત્મકથા વાંચીએ તો જ સાચા અર્થમાં ગાંધીને શ્રદ્ધાંજલિ આપી કહેવાશે.

મોડાસામાં અપહરણનો નિષ્ફળ પ્રયાસ

કોલેજની પરીક્ષા આપવા જતી પરિણીતાનો અપહરણનો નિષ્ફળ પ્રયાસ : 3 શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામની પરિણીત મહિલા કોલેજમાં પરીક્ષા આપવા જઈ રહી હતી ત્યારે મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર રામપુર પાટીયા નજીક ગામના યુવાને અન્ય બે સાગરીતોની મદદ લઈ અપહરણનો નિષ્ફળ પ્રયાસ કરતાં યુવતિએ બૂમાબૂમ કરતા પકડાઈ જવાની બીકે આરોપી અને તેના સાગરીતો ફોર્ડ ફીગો લઈ ફરાર થઈ ગયા હતા. ખંભીસરની પરિણીત મહિલાએ એક યુવાન અને તેના બે મિત્રો વિરૂદ્ધ મોડાસા રૂરલ પોલીસે ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામની પરિણીત મહિલાના અપહરણનો નિષ્ફળ પ્રયાસ થતાં આ ઘટનાથી મોડાસા તાલુકામાં ચકચાર મચી છે. ખંભીસર ગામની હર્ષિદાબેન સાહીલકુમાર પટેલ રહે. અડપોદરા, તા. હિંમતનગર તેમના પિયર ખંભીસર ગામમાં પરીક્ષા હોવાથી કોલેજની પરીક્ષા આપવા આવ્યા હતા. મંગળવારે સવારે પરિણીત મહિલા અને તેનો ભાઈ બાઈક લઈને રાજેન્દ્રનગર કોલેજમાં પરીક્ષા આપવા જતા હતા ત્યારે રામપુર પાટીયા ગામની નજીક ખંભીસર ગામનો જ યુવાન સુનીલ મનહર પટેલ અન્ય બે સાગરીતો સાથે સફેદ ફોર્ડ ફીગો કાળા કાચવાળી ગાડીમાં આવી બાઈક આગળ કાર પાર્ક કરી બાઈક પર બેઠેલ મહિલાને હાથ પકડી મારી સાથે ચાલ કહી મહિલાએ ના પાડતા ઉશ્કેરાઈ જઈ મહિલાને ગડદાપાટુનો માર મારતાં મહિલાએ બૂમાબૂમ કરી મુકતા યુવક અને તેના બે મિત્રોએ મહિલાને જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. યુવકના હિંચકારા કૃત્યથી મહિલાએ પરિવારજનોને જાણ કરતા ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. ખંભીસરની મહિલા દ્વારા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે ખંભીસર ગામના એક યુવક અને અન્ય બે અજાણ્યા મિત્રોને મદદગારી કરવાના ગુન્હામાં ઈ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મહેસાણામાં ગાંધીનગર આર.આર. સેલે ૩.૧૩ લાખનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો

મહેસાણા, તા. ૬

ગાંધીનગર રેન્જ આઈ.જી.પી. હસમુખભાઈ પટેલની સૂચના મુજબ ગાંધીનગર આર.આર. સેલે જિલ્લાના મુખ્ય મથક મહેસાણા શહેરના ટી.બી. રોડ પરના છાપરા વિસ્તારમાં દારૂ અંગે દરોડો પાડી રૂપિયા ૩.૧૩ લાખની કિંમતની મત્તાની બિયર અને પરપ્રાંતની બનાવટના દારૂની કુલ ૧૯૯૨ બોટલનો જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરતા જિલ્લા પોલીસતંત્રમાં હલચલ મચી જવા પામી છે.

મહેસાણા શહેરના ટી.બી. રોડ પર એક કુખ્યાત બુટલેગર છેલ્લા ઘણા સમયથી દારૂનો વેપલો કરી રહ્યો હોવાની મળેલ બાતમીના આધારે ગાંધીનગર આર.આર. સેલના અધિકારીઓએ સ્ટાફ સાથે અચાનક સવારના સમયે દરોડો પાડ્યો હતો. જેમાં સ્થળ પરથી બિયર અને વિદેશી દારૂની કુલ ૧૯૯૨ બોટલો, એક જીપડાલુ તેમજ બે દ્વિચકી વાહનો મળી કુલ ૩.૧૩ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરોડા સમયે કથિત મુખ્ય બુટલેગર કનુજી ઠાકોરે અને તેના કેટલાક સાગરીતો નાસી ગયા હતા. દારૂના આ દરોડાના પગલે પોલીસતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો.

આ અંગે ગાંધીનગર આર.આર. સેલના અધિકારીઓ ફરીયાદના આધારે મહેસાણા બી. ડીવીઝન પોલીસે કનુજી વિહાજી ઠાકોર સહિત ચાર શખ્સો વિરૂદ્ધ પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મહેસાણા જિલ્લામાં છેલ્લા ઘણા વખતથી દારૂ જુગારની થયેલી બદીને અટકાવવા માટે ગાંધીનગર રેન્જના સંનિષ્ઠ આઈ.જી.પી. હસમુખભાઈ પટેલે તાબાના જિલ્લાઓના ઉચ્ચ પોલીસ અધિકારીઓને કડક પગલાં ભરવા આદેશ કર્યો છે. તેમ છતાં કહેવાતા હમાઓના પ્રતાપે પોલીસ અને બુટલેગરોની સાંઠગાંઠને લીધે દારૂની બદી નિયંત્રણમાં આવી શકી નથી તેવા આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે. જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે રેન્જ આઈ.જી.પી.એ લીધેલ પગલાંને પ્રજાએ આવકારેલ છે.

ખેડબ્રહ્માના ભક્તિનગરમાં મહીલાનો દોરો તુટ્યો

ખેડબ્રહ્મા શહેરના ભક્તિનગર ચાર રસ્તા પાસે ચાલતી જતી મહીલાના ગળામાંથી બાઈક ઉપર આવેલા શખ્સોએ સોનાનો દોરો તોડી ભાગી છુટ્યા હતા.

બનાસકાંઠામાં અતિવૃષ્ટીથી થયેલ નુકશાનની સહાય માટે ખેડૂતો અરજી કરી શકશે

બનાસકાંઠા, તા. ૬

બનાસકાંઠા જિલ્લામાં જુલાઈ માસમાં ભારે વરસાદને પગલે થયેલ નુકશાનની સહાય મેળવવા ખેડૂતો તા. ૧૫મી ઓક્ટોબર સુધી અરજીઓ કરી શકશે. તારીખ પછીની અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.

બનાસકાંઠા જિલ્લામાં ગત ૨૬થી ૨૯ જુલાઈ દરમ્યાન અતિવૃષ્ટી થતા ખેતીના ઉભા પાકોને ભારે નુકશાન થયું હતું. તેમજ મોટા પાયે જમીનનું ધોવાણ થતાં ખેડૂતોના માથે આભ ફાટ્યું હતું. ત્યારે ખેતીના પાકમાં થયેલ નુકશાનની સામે સરકારે જાહેર કરેલ સહાયના ધોરણો અનુસાર સહાય મેળવવા માટેની ખેડૂતો અરજી કરી શકશે. ખેડૂતોએ પોતાની અરજી જે તે તાલુકાના તાલુકા વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, બાગાયત અધિકારી, જમીન સંરક્ષણ કચેરીના પ્રતિનિધિને તા. ૧૫મી ઓક્ટોબર ૨૦૧૫ સુધી મળી રહે તે રીતે મોકલવાની રહેશે. તેમ બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતુ.

પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા ગુજરાત સરકારે ચૂંટણી પંચનો દૂર ઉપયોગ કરી રાજ્યની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પાછી ઠેલી તેના વિરોધમાં ઉગ્ર સૂત્રોચ્ચાર કરી દેખાવો કર્યા હતા. બાદમાં કોંગ્રેસ કાર્યકરોએ જિલ્લા કલેક્ટર દિલીપ રાણાને આવેદનપત્ર આપ્યું હતું.

વાંટડા ટોલ પ્લાઝા નજીક કારમાંથી લાખોની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લા પોલીસ માટે જિલ્લાની હદમાંથી ગાંધીનગર આરઆરસેલની ટીમે શનિવારે મોડાસાના રાણાસૈયદ નજીકથી અને મંગળવારે ગાંધીનગર સ્ટેટ જિલ્લા પોલીસનું નાક વઢાયુ હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. ગાંધીનગર મોનેટરીંગ સેલની પોલીસે રાજ્ય પોલીસ વડા પી.સી. ઠાકુરના માર્ગદર્શન અને સુચના હેઠળ અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર મોડાસાના વાંટડા (દાવલી)ના ટોલપ્લાઝા નજીકથી રાજસ્થાન તરફથી આવતી સ્વીફ્ટ ડીઝાસ્ટર કારને રોકીને કારમાં તપાસ હાથ ધરતાં ગેરકાયેદસર વગર પાસપરમિટનો ૧.૫૮ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી બે બુટલેગરોની ધરપકડ કરી હતી. ગાંધીનગરની ટીમ દ્વારા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. મોડાસા રૂરલ પોલીસે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લામાં જિલ્લા પોલીસતંત્રને અંધારામાં રાખીને રાજ્યના પોલીસવડાએ બુટલેગરોને ઝડપી પાડવા ગાંધીનગર સ્થીત સ્ટેટ મોનિટરીંગ સેલને કામગીરી સોંપતા સ્ટેટ મોનીટરીંગ સેલના ગાંધીનગર પીએસઆઈ ડી.એમ. ઢોલ અને તેમની ટીમે રાજસ્થાન તરફથી આવતા વિદેશી દારૂને ઝડપી પાડવા મોડાસાના વાંટડા નજીક નેશનલ હાઈવે નં. ૮ પર સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. મંગળવારે સવારે બાતમીના આધારે રાજસ્થાન તરફથી આવી રહેલી સ્વીફ્ટ ડીજાયર કાર નં. જીજે૧કેએમ૨૦૨૪ને અટકાવી તલાશી લેતા સ્વીફ્ટ ડીઝાયર કારમાંથી વગર પાસ પરમીટનો ગેરકાયદેસર વિદેશી દારૂની ૬૮૪ બોટલો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત ૧૫૮૪૦૦ તેમજ સ્વીફ્ટ ડીઝાયર કાર કિંમત રૂ. ૫૦૦૦૦૦, મોબાઈલ નંગ-૧ કિંમત રૂ. ૧૦૦૦ અને ૪૬૦ રૂ. રોકડા મળી કુલ ૬૫૯૮૬૦નો મુદ્દામાલ જપ્ત કરી કારના ચાલક દયારામ રમેશજી પરમાર (ઉ.વ.૩૦) રહે. પરમાર વાડાનગર, ખેરવાડા, ઉદેપુર અને હરીશ નાથુરામજી મીણા ઉ.વ. ૩૨ રહે. કંડાલ તા. ખેરવાડા જી. ઉદેપુરની ધરપકડ કરી બન્ને સામે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી છે.

ધનસુરામાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૬

ધનસુરા પ્રદેશ સિ.સિ. ટ્રસ્ટ અને સતકેવલ આઈ હોસ્પિટલ, સારસાના સહયોગથી ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલના સાંસ્કૃતિક હોલમાં રવિવારે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં તાલુકામાંથી ૩૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. સતકેવલ હોસ્પિટલના ૧૦થી વધુ ડૉક્ટરો અને સ્ટાફે તમામ દર્દીઓને તપાસી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. નંબર હોય તો ચશ્માની વ્યવસ્થા રાખેલ હતી.

આ કેમ્પમાં ૫૦ દર્દીઓને મોતીયા હોવાથી તેમને બીજા દિવસે સત કેવલ ટ્રસ્ટે પોતાની બસ મોકલી સારસા ખાતે લી જઈ બીજા દિવસે મફત મોતીયાના ઓપરેશન કર્યા હતા. રહેવા જમવાની સુંદર વ્યવસ્થા કરેલ. આ કેમ્પને સફળ બનાવવા ધનસુરા પ્રદેશ સિ.સિ. ટ્રસ્ટના પ્રમુખ જે.સી. શાહ સહિત તમામ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

પ્રાંતિજ તાલુકાના નિવૃત્ત શિક્ષક સમાજની વાર્ષિક સભા યોજાઈ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સમાજના કર્મચારી મંડળની વાર્ષિક જનરલ સભા તાજેતરમાં પ્રાંતિજ સ્થિત મોદી સમાજની વાડી ખાતે યોજાઈ હતી. આ સભામાં સરકાર દ્વારા મળતા લાભો તેમજ હિસાબો સહિતની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં નિવૃત્ત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલી મોદી સમાજની વાડી ખાતે પ્રાંતિજ તાલુકાના ફરજ પરથી વય નિવૃત્ત થયેલા પ્રાથમિક શિક્ષક સમાજની વાર્ષિક જનરલ સભામાં ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત શિક્ષકોને ગત વર્ષના હિસાબોનું વાંચન કરી બહાલી આપવામાં આવી હતી. બાદમાં પ્રમુખ તરીકે પોપટલાલ, મંત્રી તરીકે ઈન્દ્રસિંહ તથા સહમંત્રી અરવિંદભાઈની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. સરકાર દ્વારા પેન્શનરો માટેની સહાય વિશે માર્ગદર્શન સભામાં આપવામાં આવ્યું હતું.

ધાનેરા તાલુકાના રૂણીથી ડેઢાને જોડતો રોડ બનાવવા ગ્રામજનોની ઉગ્ર માંગ

ધાનેરા, તા. ૬

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના રૂણીથી ડેઢાને જોડતો રોડ બનાવવા ગ્રામજનોની ઉગ્ર માંગ ઉઠી છે. જો રોડ બનાવવામાં નહિ આવે તો આવનારી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

ધાનેરા તાલુકાના રૂણી ડેઢાને જોડતો રોડ બનાવવા માટે ગ્રામજનો દ્વારા વારંવાર તંત્રને લેખિત અને મૌખિક જાણ કરવામાં આવે છે. પણ તંત્રના બહેરા અધિકારીઓ વાત સાંભળવા તો તૈયાર જ નથી ત્યારે આજે આ ગામ લોકો દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી છે. અને કહી રહ્યા છે કે જ્યારે અમને રોડ બનાવી આપવામાં આવશે ત્યારે જ આ ગામમાંથી મતદાન થશે ત્યારે આ ગામના અગ્રણીઓએ જણાવ્યું હતું કે આ રોડ ન હોવાના કારણે અમને બહુજ મુશ્કેલી પડે છે અને આ જગ્યા પર કોઈ જ સાધન ચાલી શકે તેવી પરિસ્થિતિ નથી અને જ્યારે કોઈ ઈમરજન્સી કેસ હોય ત્યારે અમારે ત્રણ કિલોમીટરના બદલે ત્રીસ કિલોમીટર સુધીના આટામાં જવું પડે છે. જો અત્યારથી જ વાત કરવામાં આવે તો ગઈકાલે એક ટ્રેક્ટર ચાલક આ રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેનું ટ્રેક્ટર આ રસ્તા પર ફસાઈ જવા પામ્યું હતું. અને ટ્રેક્ટર નીકળવા માટે ૨૪ કલાક સુધી હેરાન થવું પડ્યું હતું અને ટ્રેક્ટરના ચાલક પુરી રાત ખાધા પીધા વગર ટ્રેક્ટર બહાર નીકાળવા માટે મહેનત કરી હતી.

જ્યારે પણ ચૂંટણી હોય છે ત્યારે કહેવાતા નેતા આ ગામમાં પહોંચી જાય છે અને ભોળા લોકોને પોતાની વાતમાં ભરમાવી અમે જીતી ગયા તો તમને રોડ બનાવી આપશુ તેવા ખોટા વાયદા આપી મતદાન કરાવે છે અને જ્યારે ચૂંટણી પતિ ગયા પછી કહેવાતા નેતા આ ગામમાં ફરકતા પણ નથી અને લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે હવે આ ગ્રામજનો તંત્રને કહી રહ્યા છે કે અમને આ જગ્યા પર રોડ બનાવી આપો અને અમારી મુશ્કેલી દૂર કરો.

> જ્યારે પણ ચૂંટણી હોય છે ત્યારે કહેવાતા નેતા આ ગામમાં પહોંચી જાય છે અને ગામની ભોળી પ્રજાને પોતાની વાતમાં ભરમાવી અમે જીતી ગયા તો તમને રોડ બનાવી આપશુ તેવા ખોટા વાયદા આપી મતદાન કરાવે છે

હવે જોવાનું એ રહે છે કે ક્યારે ગુજરાત સરકાર આ ગ્રામજનોની રજૂઆત સાંભળે છે.ક્યારે રોડ બનાવી અને ગામના તળાવના પાણી નિકાલ કરી ગામલોકોની મુશ્કેલી દૂર કરે છે તે તો આવનારો સમય જ બતાવશે.